નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૧૩/૦૩/૨૦૨૩ થી ૧૯/૦૩/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦- એસ.એસ.સી. તથા ધોરણ-૧૨ - એચ.એસ.સી. ( સામાન્ય/ વિઘાન પ્રવાહ) પરીક્ષા અનુસંધાને પરીક્ષા આપનાર વિધાર્થિઓ તણાવ મુકત અને સુરક્ષિત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, ડો.કરનરાજ વાઘેલા(આઇ.પી.એસ) તથા સુપરવિઝન પોલીસ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્રના સંચાલક સાથે પરીક્ષા કેન્દ્રના એન્ટ્રી ગેટ પર વિધાર્થીઓને ફુલથી શુભેચ્છા પાઠવવામાં આવેલ















# પ્રેસ નોટ

## તા.૧૪/૦૩/૨૦૨૩

## સગીરવયની બાળકીને રેસ્કયુ કરતી નવસારી જીલ્લા પોલીસ

મે.પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર નાઓએ તા.૧૪/૦૩/૨૦૨૩ થી તા.૨૮/૦૩/૨૦૨૩ સુધી અંતર્ગત રાજ્યના તમામ શહેર/જીલ્લા ખાતે મિસિંગ બાળક/બાળકીઓને શોધી કાઢવા સ્પેશ્યલ ડ્રાઈવ રાખેલ. જે અન્વયે અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સુરત રેન્જ શ્રી પિયુષ પટેલનાઓની સુચના આધારે નવસારી જીલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી ડૉ.કરનરાજ વાઘેલા તથા ડી.વાય.એસ.પી. શ્રી એસ.કે.રાય નાઓના માર્ગદર્શન હેઠળ AHTU પોલીસ ઇન્સ્પેકટર શ્રી.કે.બી.દેસાઈ નાઓ તેમજ નવસારી ટાઉન પો.સ્ટે. સાથે AHTU ની સંયુક્ત ટીમ વ્દારા નવસારી ટાઉન પો.સ્ટે.ના ફસ્ટ ગુ.ર.નં.૧૧૮૨૨૦૧૯૨૨૧૫૦૭/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ગુનામાં છેલ્લા છ મહીનાથી અન ડીટેક્ટ રહેલ ગુનામાં સગીરવયની બાળકીને શોધી કાઢી રેસ્કયુ કરેલ છે.

તેમજ ઉપરોક્ત ગુનામા આ કામના આરોપી રોહિત બાબુભાઇ દંતાણી રહે. એરૂ ગાંધી સ્મૃતિ ફાટક પાસે આંબેડકરનગર નવી વસાહત તા.જલાલપોર જી.નવસારીના વિરુધ્ધમાં ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬, ૩૭૬ (૨)(જે)(એન),૩૭૬(૩) તથા પોક્સો એક્ટ કલમ-૪,૫(એલ),(૬) મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આમ ૧૨ દિવસના ટુંકાગાળામા નવસારી પોલીસ વ્દારા ચાર સગીરવયની બાળકીઓને શોધી રેસ્કયુ કરવામા સફળતા મેળવેલ છે.

---

### પ્રેસનોટ તા.૧૪/૦૩/૨૦૨૩

**વિજલપોર પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કોર્ડ, એલ.સી.બી.નવસારી**

શ્રી ડૉ.કરનરાજ વાઘેલા IPS ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી નાઓએ નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓની ઘરપકડ કરવા અંગે **ડી.એસ.કોરાટ પોલીસ ઇન્સ્પેકટર એલ.સી.બી.નવસારી** નાઓને જરૂરી સુચના આપેલ.

ઉપરોકત સુચનાઓ અંગે અસરકારક કામગીરી કરવા ડી.એસ.કોરાટ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.નવસારી નાઓએ **એમ.આર.વાળા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પેરોલ ફર્લો સ્કોર્ડ નવસારી** નાઓને ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવા સુચના આપેલ.

જે અન્વયે આજરોજ **એમ.આર.વાળા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પેરોલ ફર્લો સ્કોર્ડ નવસારી** નાઓ તેમની ટીમના પોલીસ કર્મચારીઓ હે.કો.ધર્મેન્દ્રસિંહ ગણપતસિંહ તથા પો.કો.નિમેષકુમાર કાંતીલાલ તથા પો.કો.કલ્પેશભાઈ મોહનભાઈ નાઓ સાથે નવસારી જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ સુરત જીલ્લા ખાતે તપાસમાં હતા.દરમ્યાન **પો.કો.નિમેષકુમાર કાંતીલાલ તથા પો.કો.કલ્પેશભાઈ મોહનભાઈ** નાઓને સંયુકત રાહે મળેલ બાતમી હકીકત આધારે વિજલપોર પો.સ્ટે.પાર્ટ સી ગુ.ર.નં.૧૧૮૨૨૦૨૨૨૨૦૨૧૫/૨૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૫ એઈ, ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી-**ઈમરાન અબ્દુલ રહીમ મુલતાની ઉ.વ.-૪૩ રહે.પલસાણા મેઈન બજાર રોડ જલારામ ડેરીની બાજુમાં તા.પલસાણા જી.સુરત.**નાને પલસાણા ઓવરબ્રીજ પાસેથી પકડી પાડી મજકુર આરોપીએ વિજલપોર પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુનામાં નાસતો ફરતો હોય તેને ડિટેઈન કરી આગળની વધુ કાર્યવાહી અર્થે વિજલપોર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

**સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી;-**

PI ડી.એસ.કોરાટ,PSI એમ.આર.વાળા,HC ધર્મેન્દ્રસિંહ ગણપતસિંહ, PC નિમેષકુમાર કાંતીલાલ, PC કલ્પેશભાઈ મોહનભાઈ તમામ એલ.સી.બી નવસારી



# નવસારી જીલ્લા પોલીસ

નવસારી જીલ્લાના ઇન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી
ડૉ.કરનરાજ વાઘેલા તથા નાયબ પોલીસ
અધિક્ષકશ્રી, એસ.કે.રાય નાઓની સુચના અને
માર્ગદર્શન હેઠળ ચીખલી પોલીસ સ્ટેશન
વિસ્તારમાં પ્રોહીબીશન પ્રવૃતીને નેસ્ત નાબુદ
કરવા ચીખલી પોલીસ સ્ટેશનના અધિકારી/
કર્મચારીઓ સયુંકત રીતે ખાનગી રાહે બાતમી
હકિકકત મેળવી મારૂતી સુઝુકી કંપનીની વેગેનાર
ગાડીમાં બનાવેલ ચોરખાનામા વહન કરી લઇ
જવાતો ભારતીય બનાવટનો ઇગ્લીશ દારૂ
બાટલીઓ નંગ- ૩૪૮ , કિમંત રૂપિયા
૩૨,૮૮૦/- ના પ્રોહીબીશન મુદામાલ સાથે ચાર
(૪) આરોપીને પકડી પાડતી ચીખલી પોલીસ.



spnavsariofficial sp_navsari (02637) 246303

# નવસારી જીલ્લા પોલીસ

પોલીસ અધિક્ષક, નવસારીનાઓએ જીલ્લામાં
મોબાઇલ ટાવર ઉપરથી કેબલોની ચોરી કરતા
બનાવો અટકાવવા તથા શોધી કાઢવા માટે આપેલ
સુચના અને માર્ગદર્શન આધારે ચીખલી, ગણદેવી
તથા નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી
રીલાયન્સ ઇન્ફ્રાકોન લી. કંપનીના ટાવરો ઉપરથી
ફીડર કેબલોની ચોરી કરી વેચાણ કરવા જતા બે
ઇસમો (૧) રાજેશભાઇ રમણભાઇ લાડ (૨) કલ્પેશ
કનુભાઇ પટેલને તાંબુ વજન ૨૦૧ કિલો ૫૫૦ ગ્રામ
કી.રૂ. ૧,૨૪,૯૬૧/- સ્વીફ્ટ ડીઝાયર કાર કી.રૂ.
3,00,000/- તથા મોબાઇલ ફોન-૨ કી.રૂ.
૧૦,૦૦૦ મળી કુલ રૂ.૪,૩૪,૯૬૧/- ના મુદામાલ
સાથે ઝડપી પાડતી એલ.સી.બી નવસારી



spnavsariofficial sp_navsari (02637) 246303

# નવસારી જીલ્લા પોલીસ

નવસારી જીલ્લાના ઇન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી ડૉ.કરનરાજ વાઘેલા તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, એસ.કે.રાય નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ચીખલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશન પ્રવૃતીને નેસ્ત નાબુદ કરવા ચીખલી પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ સયુંકત રીતે ખાનગી રાહે બાતમી હકિકકત મેળવી મારૂતી સુઝુકી કંપનીની વેગેનાર ગાડીમાં બનાવેલ ચોરખાનામા વહન કરી લઇ જવાતો ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારુ બાટલીઓ નંગ– ૩૪૮ , કિમંત રૂપિયા ૩૨,૮૮૦/– ના પ્રોહીબીશન મુદામાલ સાથે ચાર (૪) આરોપીને પકડી પાડતી ચીખલી પોલીસ.



f | spnavsariofficial  sp_navsari  ☎ (02637) 246303

# નવસારી જીલ્લા પોલીસ

ડૉ.કરનરાજ વાઘેલા,(IPS) ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારીનાઓએ જીલ્લામાં બનતા વાહન ચોરીના ગુનાઓ શોધી કાઢવા એલ.સી.બી. પોલીસ ઇન્સ્પેકટર ડી.એસ. કોરાટનાઓને આપેલ સુચના અને માર્ગદર્શન આધારે એલ.સી.બી. પોલીસની ટીમ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે નવસારી વિસ્તારના ગ્રીડ ચાર રસ્તા ખાતે વોચ તપાસમાં રહી આરોપી યુસૂફ ગુલમહમંદ પઠાણ રહે. નવસારી પાસેથી એક કાળા કલરની હોન્ડા ડ્રીમ યુગા મોટર સાયકલ નંબર પ્લેટ વગરની કી.રૂા. ૨૦,૦૦૦/– મોબાઇલ ફોન – ૧ કી.રૂા. ૫,૦૦૦/– મળી કુલ રૂા. ૨૫,૦૦૦/– ના મુદામાલ સાથે આરોપીને ઝડપી પાડતી એલ.સી.બી. નવસારી પોલીસની ટીમ.



f | spnavsariofficial  sp_navsari  ☎ (02637) 246303

# નવસારી જીલ્લા પોલીસ

નવસારી જીલ્લામાં નાર્કોટીકસ ડ્રગ્સની બદીને નેસ્તનાબુદ કરવા એસ.ઓ.જી. પો.ઇન્સ. પી.બી.પટેલીયા નાઓને આપેલ માર્ગદર્શન અને સુચના આધારે બાતમી મેળવી નવસારી ટાઉન વિસ્તારમાં આશિષ ટ્રેડસ નામની દુકાનમાં રેઇડ કરી દુકાનદાર/ આરોપી આશિષ કિશનભાઇ મનકાની છાપરા રોડ, નવસારીને ઝડપી પાડી તેના દુકાનમાં ગેરકાયદેસર રીતે રાખેલ હેલ્થ વોર્નિંગ વગરની સીગરેટ **(1) PARIS SPECIAL FILTER** પેકેટ નંગ ૪૮૦ કી.રૂ.૧,૪૪,૦૦૦/- **(2) ESSES LIGHTS** પેકેટ નંગ ૩૭૦ કી.રૂ. ૬૬,૬૦૦/- **(3) ESSE SPECIAL GOLD** પેકેટ નંગ ૨૭૦ કી.રૂ.૪૮,૬૦૦/- **(4) ESSE CHANGE** પેકેટ નંગ ૧૭૦ કી.રૂ.૩૦,૬૦૦/- **(5) DJARUM BLACK LIGHTS** પેકેટ નંગ ૨૦ કી.રૂ.૪,૦૦૦/- **(6) GUDANG GARAM INTERNATIONAL** પેકેટ નંગ ૧,૬૨૦ કી.રૂ. ૩,૨૪,૦૦૦/- મળી કુલ પેકેટ નંગ ૨,૯૩૦/-કી.રૂા.૬,૧૭,૮૦૦/-ની મતાનો મુદામાલ સાથે આરોપીને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી. ટીમ.

